ખૂબ જ અગત્યનું

આણંદ કૃષિ યુનિવર્સિટી

ગ્રામકશ્રીની કચેરી, આયોજન સેલ,

આણંદ

વંચાણે લી

૧ જા.નં.આકૃયુ/સંનિ/અયન-૨/ ૨૦૧૨-૧૩/૪૧૨૮-૪૨૨૮/૧૨, તા.૨૧-૦૭-૨૦૧૨

૨ આ કચેરીના પરિપત્ર જા.નં.આકૃયુ/સંનિ/અયન-૨/ ૨૦૧૨-૧૩/૬૨૦૨/૧૨, તા.૧૪-૦૯-૨૦૧૨

૩ હિ.અ.-વ-હિ.નિ.શ્રી, આણંદના ઓફીસ ઓર્ડર નં. એએયુ/ કોમ્પ્ટ / બીજીટી /પ્લાન રી-૧/ ૬૨૯૦-૬૩૪૦/૧૨, તા. ૦૬/૦૯/૨૦૧૨

વિષયઃ સને ૨૦૧૨-૧૩ માં આયોજીત યોજના હેઠળ કરવામાં આવેલ જોગવાઈ મુજબ ખર્ચ કરવા બાબત.

પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીની આયોજીત યોજનાઓના વડાશ્રીઓને જણાવવાનું કે, આયોજીત યોજના હેઠળ સને ૨૦૧૨-૧૩ ના વર્ષમાં ચાલુ તેમજ નવા કાર્યક્રમોના નિયત્રણ અધિકારીશ્રીઓ સાથે તા.૧૩/૧૪-૦૭-૨૦૧૨ના રોજ બેઠકમાં ચર્ચા થયા મુજબ તેમજ જરૂરિયાતને ધ્યાને લઇ હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી, આણંદે સંદર્ભ-૩ના ઓફીસ ઓર્ડરથી પગાર - ભથ્થા, રીકરીંગ અને નોન-રીકરીંગ સદરે ગ્રાન્ટ ફેર ફાળવણીના હુકમો કરેલ છે. અત્યાર સુધીમાં થયેલ ખર્ચને ધ્યાને લેતાં સપ્ટેમ્બર -૨૦૧૨ અંતિત ખર્ચની પ્રગતિ ઘણી નબળી છે.

આથી સર્વે આયોજીત યોજનાઓના વડાશ્રીઓને કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જણાવવાનું કે, પગાર ભથ્થા, રીકરીંગ, નોન-રીકરીંગ તેમજ બાંધકામ સદરે કરવામાં આવેલ જોગવાઈ મુજબ દર માસે સમભાગે ખર્ચ કરવા જણાવવામાં આવે છે. આયોજીત યોજનામાં ફાળવેલ ગ્રાન્ટ પૂરેપૂરી વપરાય તેવું આગોતરુ આયોજન કરી વર્ષાન્તે ૧૦૦ ટકા નાણાકીય અને ભૌતિક લક્ષ્યાંક હાંસલ થાય તે માટે આયોજીત યોજનાઓના નિયંત્રણ અધિકારીશ્રીઓને આયોજન કરવાનુ રહેશે. જો ફાળવણી મુજબ ખર્ચ નહીં થાય અને સરકારશ્રી તરફથી જોગવાઈમાં કાપ મુકવામાં આવશે અને તેના લીધે યોજનાની પ્રગતિમાં અસર પડશે, તો તેની જવાબદારી જે તે યોજનાના વડાશ્રીઓની રહેશે.

જા.નં. આકૃયુ/અયન-૨/૨૦૧૧-૧૨/૯૩૫૮ /૧૨,
તારીખઃ૧૫/૧૦/૨૦૧૨

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

નકલ સવિનય રવાનાઃપ્રતિ,

(૧) આ.કૃ.યુ.ના સર્વે યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
(૨) હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ
(૩) આયોજીત યોજનાઓના ઈન-ચાર્જ અધિકારીશ્રીઓ તરફ ઉપરોકત બાબતે ઘટતી કાર્યવાહી કરવા સારૂ
(૪) કાર્યપાલક ઈજનેરશ્રી,આ.કૃ.યુ., આણંદ તરફ આયોજીત યોજનાઓ, વનબંધુ તેમજ ટ્રાયબલ એરીયા સબ પ્લાન યોજનાઓના બાંધકામોના ફંડના વપરાશ સમભાગે પરિપત્રમાં આપેલ સૂચના મુજબ કરવા આયોજન કરવાનું રહેશે
(૫) મા. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી,આકૃયુ,આણંદ તરફ જાણ સારૂ